


# NRG TIMES

A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION

CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY

Azadi Ka Amrit Mahotsav


G20 भारत 2023 INDIA वसुधैव कुटुम्बकम् ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

પ્રકાશક : એનઆરજી ફાઉન્ડેશન, ગાંધીનગર

તા. જુલાઈ ૧૫, ૨૦૨૩ • અષાઢ વદ ૧૩ સંવત ૨૦૭૯



Gujarat State Non-Resident Gujaratis' Foundation (A Government of Gujarat Organization)



**Shri Bhupendra Patel**
Hon'ble Chief Minister
Gujarat State



**Shri Harsh Sanghvi**
Hon'ble Minister of State for NRGs (Independent Charge), Govt. of Gujarat




**Shri Mohammad Shahid, IAS**
Hon'ble Chairman, GSNRGF,
Principal Secretary (NRI),
Govt. of Gujarat



**Shri V. G. Rore**
Director
GSNRGF


## ભારતની G20 પ્રેસિડેન્સી અન્વયે U20 મેયોરલ સમિટનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે G20 સમિટ અંતર્ગત ગાંધીનગરનાં મહાત્મા મંદિર ખાતે આયોજિત U20 મેયોરલ સમિટનો પ્રારંભ કરાવતા કહ્યું હતું કે વિશ્વનાં શહેરોનાં મોડર્ન ડેવલપમેન્ટ અને ફ્યુચર ચેલેન્જીસના સોલ્યુશન્સ માટે U20 સક્ષમ પ્લેટફોર્મ બનશે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આ U20 દ્વારા વર્લ્ડ લીડર્સ અને મેયર્સ એક મંચ પર આવ્યા છે. રેપીડ અર્બનાઈઝેશનના આ યુગમાં શહેરોને ઈકોનોમિક ડેવલપમેન્ટના અવસર જ નહિ, પોતાના દેશો માટે સોશિયો-ઈકોનોમિક અને ઈકોનોમિક સેન્ટર બનાવવાનાં અવસરો અંગેનાં વિચારોનું આદાન-પ્રદાન તેઓ કરવાનાં છે. મુખ્યમંત્રીએ આ અંગેની વિસ્તૃત છણાવટ કરતા કહ્યું કે, વધતા જતા અર્બનાઈઝેશનને સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ સામે ક્લાઈમેટ ચેન્જ પબ્લિક સર્વિસ ડિસ્ટ્રીબ્યુશનમાં થનારી સમસ્યા તથા ટ્રાફિક રીલેટેડ પ્રોબ્લેમના સમાધાનને અનુરૂપ બનાવવું હવેનાં સમયની માંગ છે. તેમણે ગુજરાત દેશનાં સૌથી વધુ અર્બનાઈઝડ રાજ્યોમાંનું એક છે તથા અર્બનાઈઝેશન




ગુજરાતનો ઇતિહાસ ૪૫૦૦ વર્ષ પહેલાની સિંધુ ઘાટીની સભ્યતાથી શરૂ થયો છે તેની પણ વિગતો આપી હતી. આ દ્વિદિવસીય સમિટમાં અર્બન એરિયામાં ક્લાઈમેટ ચેન્જના જટિલ પ્રભાવ સામે જનજાગૃતિ ઊભી કરવા સહિત વોટર સિક્યુરિટી, ડિજીટલાઈઝેશનને પ્રોત્સાહન આપવુ, મહિલા અને બાળકોને શહેરી વિકાસની મુખ્ય ધારામાં સામેલ કરવા જેવા ગહન વિષયો પર ચર્ચા વિમર્શ હાથ ધરાયો હતો.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)

## 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીક્સ–૨૦૨૩' અનુસાર: યુવાધનને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત દેશમાં પ્રથમ

ગુજરાતે અનેક ક્ષેત્રે અગ્રેસર રહી દેશના અન્ય રાજ્યોને હરહંમેશ પ્રેરણા આપી છે. તાજેતરમાં જ ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા દર વર્ષે પ્રસિદ્ધ કરવામાં આવતા અહેવાલ અંગે માહિતી આપતા શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, રોજગાર કચેરીઓ દ્વારા યુવાઓને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત વર્ષ ૨૦૦૨થી દેશમાં સતત પ્રથમ ક્રમાંકે છે. જે અનુક્રમને ગુજરાતે આ વર્ષે પણ જાળવી રાખ્યો છે. તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલા 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીક્સ–૨૦૨૩' મુજબ વર્ષ ૨૦૨૨ દરમિયાન રોજગાર કચેરીઓ દ્વારા રોજગારી પૂરી પાડવામાં ગુજરાત ફરી એકવાર પ્રથમ ક્રમે આવ્યું છે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે. વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૨-૨૩ દરમિયાન ૫ વર્ષના સમયગાળામાં રોજગાર કચેરીઓ દ્વારા ૧૫ લાખથી વધુ ઉમેદવારોને રોજગારી પૂરી પાડવામાં આવી છે.

(Source : https://gujaratinformation.gujarat.gov.in)


Contact Address

**Gujarat State Non-Resident Gujaratis' Foundation**
Block No. 16, 3rd Floor,
Udhyog Bhavan, Sector - 11,
Gandhinagar.

Phone : +91-79-23238278

E-mail : nrgfoundation@yahoo.co.in

www.facebook.com/GSNRGF



FOR
PRIVATE CIRCULATION ONLY

# યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો મિસીસૌગાને જૈન અભ્યાસ માટે મૂળ ભારતીયોએ આપ્યું દાન



યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો મિસીસૌગા (UTM)એ જૈન સ્ટડીઝને સમર્પિત નવી ચેરની સ્થાપના કરવા માટે ૨૫ લાખ ડોલરનું દાન પ્રાપ્ત કર્યું છે. UTMએ જણાવ્યું હતું કે આ સાથે જ્ઞાન અને કંચન જૈન અને તેમના પરિવાર દ્વારા યુનિવર્સિટી માટે મંજૂર કરવામાં આવેલી કુલ રકમ ૫૦ લાખ ડોલર થશે. એન્ડોઉડ ચેરની સ્થાપના જૈન ધર્મના ઇતિહાસ, સંસ્કૃતિ, ફિલસૂફી અને દક્ષિણ એશિયા પર તેના દૂરગામી પ્રભાવની સાથે અભ્યાસમાં મહત્વપૂર્ણ રોકાણ સમાન છે. એન્ડોઉડ ચેર ઉપરાંત, ભંડોળ સમુદાયના સહયોગ, જ્ઞાનના અનુવાદ કાર્યમાં વાપરશે અને વિદ્યાર્થીઓ તેમજ વિદ્વાનોને જૈન ધર્મનો અભ્યાસ કરવા સક્ષમ બનાવશે. કેનેડામાં લગભગ ૧૦,૦૦૦ જૈનો છે, જેમાંના બે તૃતીયાંશ મેટ્રોપોલિટન ટોરોન્ટો વિસ્તારમાં રહે છે.

(Source : www.divyabhaskar.co.in)

# સકલ ગુજરાતી સમાજ રાયપુર દ્વારા ગુજરાતી ગૌરવ સન્માન સમારોહ યોજાયો

શ્રી સકલ ગુજરાતી સમાજ રાયપુર દ્વારા બીજી જુલાઇના રોજ દીનદયાલ ઉપાધ્યાય ઓડિટોરિયમમાં ગુજરાતી મહાકુંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં છત્તીસગઢમાં વસતા ગુજરાતીઓ જેમણે ગુજરાતી સમાજ કે અન્ય સમાજ અને માનવ સેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામ કર્યું હોય તેમને 'છત્તીસગઢ ગુજરાતી રત્ન' સન્માન આપવામાં આવ્યું. સમગ્ર છત્તીસગઢમાંથી આ સન્માન માટે પાંચ લોકોની પસંદગી કરવામાં આવી હતી. સકલ ગુજરાતી સમાજ છત્તીસગઢના પ્રમુખ કૌશિકભાઈ કટ્ટા અને મહામંત્રી હિતેશભાઈ રાયચુરાએ સન્માનની જાહેરાત કરી હતી. જેમને સન્માન પ્રાપ્ત થયું એવા મહાનુભાવોમાં નવદૃષ્ટિ ફાઉન્ડેશનના રાજ આદતિયાને નેત્રદાન, દેહદાન, રક્તદાન ક્ષેત્રે સેવા માટે ઉપરાંત પ્રો. ગૌરવ લોહાણાને સમાજ સેવા ક્ષેત્રે ઉત્કૃષ્ટ કાર્ય કરવા બદલ સન્માન એનાયત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ગુજરાતીઓને જોડતી વેબસાઇટ 'અમે ગુજરાતી'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

(Sources : https://dailychhattisgarh.com, www.bhaskar.com)



# ગુજરાતી બાજ ખેડાવાલ બ્રાહ્મણ સમાજ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો



ભારતભરમાં વસતા ગુજરાતીઓ જ્યાં રહેતા હોય ત્યાંની અર્થવ્યવસ્થામાં તો ફાળો આપે જ છે પણ સાથે પોતાની સામાજિક અને પર્યાવરણીય જવાબદારી નિભાવવાનું પણ ચુકતા નથી. ગ્લોબલ વોર્મિંગના આજના યુગમાં વૃક્ષોનું મહત્વ દિવસે દિવસે વધી રહ્યું છે ત્યારે મધ્યપ્રદેશના નર્મદાપુરમના ફેફડતાલ ખાતે આવેલ શુભમ કુંજ કોલોની ગામમાં ૯ જુલાઇ ૨૦૨૩ ને રવિવારના રોજ ગુજરાતી બાજ ખેડાવાલ બ્રાહ્મણ સમાજ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજના ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સમાજના લોકો દ્વારા જામફળ, આમળા અને અન્ય પ્રજાતિના ફળોના છોડનું વાવેતર કરવામાં આવ્યું હતું. સમાજના અગ્રણીઓ રાજકુમાર તિવારી, અશોક દુબે, ઓમ પ્રકાશ તિવારી, નરેન્દ્ર ભટ્ટ, દીપકકુમાર, વિપિનકુમાર તિવારી, અશોક જોષી, અભિષેક દુબે, અમરદીપ દુબે, પીયૂષ દુબે, અરવિંદ દુબે, જ્યોતિ તિવારી, દીપિકા જોષી, રીટા દુબે, પ્રાચી જોષી, શર્માજી, શ્રી કારેલાલ અને કોલોનીના અન્ય રહેવાસીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

(Source : www.mpnewscast.com)

# મધ્યપ્રદેશ ગુજરાતી સેન સમાજનું પરિચય સંમેલન યોજાશે

તાજેતરમાં મધ્યપ્રદેશના ઉજ્જૈનમાં શેષ નારાયણ મંદિર રોડ ખાતે ટ્રસ્ટ અને મધ્યપ્રદેશ ગુજરાતી સેન સમાજની સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં સમાજના હોદ્દેદારો અને સભ્યોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. બેઠક દરમિયાન ૨૧મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ ઉજ્જૈનમાં ગુજરાતી સેન સમાજ, સર્વસેન સમાજ માટે યુવક-યુવતી પરિચય સંમેલન યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું. સાથે જ ટ્રસ્ટ અને ગુજરાતી સેન સમાજની મેમ્બરશિપ ડ્રાઇવ ચલાવવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. મધ્યપ્રદેશ ગુજરાતી સેન સમાજ અને મધ્યપ્રદેશ ગુજરાતી સેન સમાજ યુવા સંગઠનનો વિસ્તાર કરવામાં આવ્યો અને હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી. આ સાથે ઉજ્જૈન ગુજરાતી સેન સમાજ યુવા સંગઠનની ચૂંટણી થઈ હતી જેમાં પ્રમુખ તરીકે રાજેશ પરમાર લકી, સેક્રેટરી તરીકે જીતેન્દ્ર તંવર સારોલાની નિમણૂક કરવામાં આવી છે.

(Sources : www.bhaskar.com)

# ગુજરાત દર્શન : ૬૦ થી ૭૦ વર્ષની વચ્ચેના અન્ય રાજ્યોમાં વસતાં બિન-નિવાસી ગુજરાતીઓ માટે ગુજરાત મુલાકાતની યોજના

બિન-નિવાસી ગુજરાતીઓ સાથે જીવંત સંપર્ક જાળવવા, ગુજરાતની સંસ્કૃતિની જાળવણી કરવા, બિન-નિવાસી ગુજરાતીઓ પોતાના જ્ઞાન કૌશલ્ય અને નાણાકીય સ્ત્રોતોનો ઉપયોગ કરી રાજ્યના વિકાસમાં સહભાગી બની શકે અને તેઓના પ્રશ્નો અને સમસ્યાઓના હકારાત્મક ઉકેલ લાવી તેઓને ગુજરાતીપણાનો અહેસાસ કરવાના ઉદ્દેશથી રાજ્ય કક્ષાએ બિન-નિવાસી ભારતીય પ્રભાગ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન કાર્યરત છે.

પ્રવર્તમાન સમયમાં અન્ય રાજ્યોમાં વસતાં ગુજરાતીઓ પોતાનાં વતનની સંસ્કૃતિ, અસ્મિતા, માતૃભાષા સાથે સતત સંપર્ક જાળવી તે વારસાને અનુભવે, માણે તે હેતુથી વરિષ્ઠ બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાતની મુલાકાત લે, પોતાના વતનની સુવાસને જાણે, માણે અને સમજે અને ઉંમરના આ તબક્કે પોતાના વતનની ધાર્મિક અને ઐતિહાસિક સ્થળોના મહિમાને વધુ નજીકથી નિહાળે તે માટે ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત દર્શન : ૬૦ થી ૭૦ વર્ષની વચ્ચેના અન્ય રાજ્યોમાં વસતાં બિન-નિવાસી ગુજરાતીઓ માટે ગુજરાત મુલાકાતની યોજના' નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦થી અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ અન્ય રાજ્યોમાંથી ભાગ લેનાર બિન-નિવાસી ગુજરાતીઓના ગ્રુપે સબંધિત રાજ્યમાંથી કાર્યક્રમ માટે ગુજરાત(અમદાવાદ) આવવા તથા પરત જવા અંગેનો ખર્ચ જે તે ગ્રુપે/વ્યક્તિએ ભોગવવાનો રહેશે. કાર્યક્રમ દરમિયાન ગુજરાતમાં પહોંચ્યા પછી પરિવહન(ટ્રાન્સપોર્ટેશન), રહેવા-જમવા તથા સ્થળ મુલાકાત અંગેની સુવિધા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન તરફથી રહેશે.

### (૧) યોજનાના મુખ્ય ઉદ્દેશો:

વરિષ્ઠ બિન-નિવાસી ગુજરાતીઓને રાજ્ય સાથે જીવંત સંપર્ક સ્થાપિત કરીને, રાજ્ય સાથે જોડવાં. અન્ય રાજ્યમાં વસતાં ગુજરાતીઓને વિકસિત ગુજરાત સાથે જોડાવાની તક મળે. ગુજરાતની વિસરાતી સંસ્કૃતિ, ઇતિહાસ, ભૌગોલિક વિશેષતા સાથે રસસભર પરિચય કરાવીને માતૃભૂમિ અને અસ્મિતા સાથે વધુ ગાઢ સબંધ પ્રસ્થાપિત કરવો, બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્યના વિકાસના વિવિધ પાસાઓ અંગે માહિતગાર થાય ઉપરાંત આવા પ્રવાસ થકી વરિષ્ઠ બિન-નિવાસી ગુજરાતીઓ પોતાની આગામી પેઢીને રાજ્ય સાથે જોડવા પ્રોત્સાહિત કરી શકે, તે આ યોજનાના મુખ્ય ઉદ્દેશો છે.

### (૨) યોજનાની મુખ્ય વિશિષ્ટતા:

ધાર્મિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક અને દર્શનીય-જોવાલાયક સ્થળો જેવા કે સોમનાથ, જુનાગઢ, પાવાગઢ, દ્વારકા, બેટ દ્વારકા, સાળંગપુર, ભાવનગર, પાલીતાણા, સુર્ય મંદિર, રાણકી વાવ, અડાલજની વાવ, લક્ષ્મી વિલાસ પેલેસ, સાબરમતી આશ્રમ, ઈન્ડો-પાક બોર્ડર-સૂઈગામ (નડાબેટ)ની મુલાકાત, સ્ટેચ્યુ ઓફ યુનિટી વગેરેની મુલાકાત/ દર્શન.

### (૩) કાર્યક્રમની રૂપરેખા:

આ કાર્યક્રમ માટે વાર્ષિક (નાણાકીય વર્ષ)માં મહત્તમ સંખ્યા ૧૫૦ વ્યક્તિઓની અને ૨૫-૨૫ના ૬(છ) ગ્રુપમાં રહેશે. આ કાર્યક્રમમાં એક ગ્રુપમાં મહત્તમ સંખ્યા લીડર સાથે ૨૫ની રહેશે. ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન જે-તે ગુજરાતી સમાજોના પરામર્શમાં તારીખ નિયત કરશે. કાર્યક્રમનો સમયગાળો ૭ દિવસનો રહેશે. સબંધિત રાજ્યમાંથી કાર્યક્રમ માટે ગુજરાત (અમદાવાદ) આવવા તથા પરત જવા અંગેનો ખર્ચ જે તે ગ્રુપનો વ્યક્તિઓનો રહેશે. ગુજરાતમાં સતત ૭ દિવસના કાર્યક્રમમાં પરિવહન (ટ્રાન્સપોર્ટેશન), રહેવા-જમવાની તથા સ્થળ મુલાકાત અંગેની સુવિધા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડને સોંપીને વ્યવસ્થા કરશે અને તે માટે પ્રતિષ્ઠાન દરેક વ્યક્તિ દીઠ રૂ. ૧૦,૦૦૦/-(રૂપિયા દસ હજાર) સુધીનો ખર્ચ ભોગવશે. તે ઉપરાંતનો ખર્ચ જે તે વ્યક્તિએ ભોગવવાનો રહેશે. આ કાર્યક્રમ માટે ઉમેદવારો ૬૦ થી ૭૦ વર્ષના અન્ય રાજ્યમાં વસતાં મૂળ ગુજરાતી(NRGs) હોવા જોઈએ તેમજ શારીરિક સ્વસ્થતા ધરાવતા હોય અને કોઈની સહાય-ટેકા વિના સ્વતંત્ર રીતે મુસાફરી કરવા સક્ષમ હોવા જોઈએ.

## બિન-નિવાસી ગુજરાતીઓને પ્રતિષ્ઠાન સાથે જોડાવા આહ્વાન



અત્યાર સુધીમાં અનેક બિન-નિવાસી ગુજરાતીઓ ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન સાથે જોડાઇ ચૂક્યા છે.

**આપ જોડાયા?**

જો આપ ન જોડાયા હોવ તો આજે જ આપનો ડેટાબેઝ (નામ અને સંપર્કની વિગતો) ઈ-મેઇલ (nrgfoundation@yahoo.co.in) દ્વારા , કુરિયર કે પોસ્ટ દ્વારા મોકલી ગુજરાત રાજ્ય બિન-નિવાસી પ્રતિષ્ઠાન સાથે જોડાવા હાર્દિક આહ્વાન છે.

## બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડતા એન.આર.જી. સેન્ટર




બિન-નિવાસી ગુજરાતીઓને ક્ષેત્રિય કક્ષાએ સુવિધાઓ પુરી પાડવા ગુજરાત રાજ્ય બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાને ગુજરાતભરમાં અમદાવાદ, આણંદ, સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા જેવા મુખ્ય શહેરોમાં એન.આર.જી. સેન્ટર્સ સ્થાપ્યા છે જે બિન નિવાસી ગુજરાતીઓને સુવિધાઓ પુરી પડે છે.

આ સેન્ટર્સ નીચે પ્રમાણેની સુવિધાઓ પુરી પડે છે.


- પ્રવાસન માર્ગદર્શન
- નિવાસ માર્ગદર્શન
- તબીબી સેવાઓમાં માર્ગદર્શન
- વ્યાપાર તકો અંગે માર્ગદર્શન
- શૈક્ષણિક તકો અંગે માર્ગદર્શન
- વિદેશી ચલણ મેળવવા અંગે માર્ગદર્શન
- ખરીદી અંગે માર્ગદર્શન
- બિન નિવાસી ગુજરાતી ડિરેક્ટરીમાં મદદ
- ગુજરાત કાર્ડની અરજીઓ સ્વીકારવી

## ગુજરાત કાર્ડ
### ઓનલાઈન મેળવો




બિન - નિવાસી ગુજરાતીઓની ગુજરાત મુલાકાત યાદગાર બનાવવા ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા 'ગુજરાત કાર્ડ' એક આગવી ઓળખ આપવામાં આવે છે. વિદેશમાં વસતા તથા ભારતમાં ગુજરાત બહાર વસતા બિન-નિવાસી ગુજરાતીઓને રૂ.૨૨૫ અથવા ૫ (પાંચ) યુ.એસ. ડોલરની નજીવી કિંમતે ગુજરાત કાર્ડ આપવામાં આવે છે. આ કાર્ડ હવે પ્રતિષ્ઠાનની વેબસાઇટ www.nri.gujarat.gov.in પરથી ઓનલાઇન ફોર્મ ભરી સાથે જરૂરી દસ્તાવેજો જોડી તેમજ પેમેન્ટ ગેટ વે દ્વારા ઓનલાઇન ફી ભરી મેળવી શકાય છે.

# ભારત-ઓસ્ટ્રેલિયા માઈગ્રેશન પાર્ટનરશિપ



ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઓસ્ટ્રેલિયન વડાપ્રધાન એન્થોની આલ્બાનીસ સાથેની મુલાકાત બાદ બંને નેતાઓએ ઓસ્ટ્રેલિયા-ભારત માઈગ્રેશન એન્ડ મોબિલિટી પાર્ટનરશિપ એરેન્જમેન્ટ (MMPA)ને અંતિમ સ્વરૂપ આપવાની જાહેરાત કરી હતી. MMPA અંતર્ગત ઓસ્ટ્રેલિયાની સંસ્થામાં ત્રણ વર્ષનો અભ્યાસ પૂર્ણ કરનાર ભારતીય વિદ્યાર્થીઓને ઓસ્ટ્રેલિયામાં તેમના અભ્યાસના ક્ષેત્રમાં આઠ વર્ષ સુધી કામ કરવાની તક મળશે. તેમાં કૌટુંબિક અથવા વ્યવસાયિક હેતુઓ માટે ભારતીયોને ત્રણ મહિનાના વિઝિટર વિઝા આપવાનો સમાવેશ થાય છે.

કરાર હેઠળ, શૈક્ષણિક સહયોગ અને સાંસ્કૃતિક વિનિમયને પ્રોત્સાહન આપતા બંને દેશોના વિદ્યાર્થીઓ માટે પાંચ વર્ષના વિદ્યાર્થી વિઝાની જોગવાઈ કરવામાં આવશે. આ કરારની સૌથી નોંધપાત્ર જાહેરાત MATES (મોબિલિટી એરેન્જમેન્ટ ફોર ટેલેન્ટેડ અર્લી પ્રોફેશનલ્સ સ્કીમ) છે જે ખાસ કરીને ભારત માટે રચાયેલ છે. MATES સ્કીમ હેઠળ એક નવો અસ્થાયી વર્ક વિઝા શરૂ કરવામાં આવશે જે યુવા ભારતીય સ્નાતકો અને વિશિષ્ટ ટેકનિકલ ક્ષેત્રોમાં યુનિવર્સિટીની લાયકાત ધરાવતા વ્યાવસાયિકો માટે તૈયાર કરવામાં આવશે. મેટ્સ એક પાયલોટ પ્રોગ્રામ તરીકે શરૂ થશે જેમાં દર વર્ષે પ્રાથમિક અરજદારો માટે ૩૦૦૦ જગ્યાઓ હશે, જેઓ આશ્રિતોને પણ લાવી શકશે. આઈટી અને એઆઈ, માઈનિંગ, ફાઈનાન્સિયલ ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, એગ્રીટેક અને ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રોમાં વિશેષતા ધરાવતા સ્નાતકો અને વ્યાવસાયિકો આનો લાભ લઈ બે વર્ષ માટે ઓસ્ટ્રેલિયામાં કામ કરવા અને રહેવાની સુવિધા મેળવી શકશે. (Source : www.thehindu.com)

# કેનેડામાં બિઝનેસ માટે ડાયરેક્ટ વિઝા સરળ!

ગુજરાતીઓને બિઝનેસ કરવો હોય તો કેનેડાએ નવો પ્રોગ્રામ લોન્ચ કર્યો છે. ઓન્ટારિયો સ્ટેટ ગર્વમેન્ટના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત કોઈપણ આંત્રપ્રિન્યોર કેનેડામાં સેટલ થઈ શકે છે. જોકે આના માટે કેટલાક માપદંડો પણ જાહેર કરવામાં આવ્યા છે. અહીં બિઝનેસ સેટઅપથી લઈ રહેઠાણ સુધીની વ્યવસ્થામાં સરકાર મદદ કરશે. એટલું જ નહીં ઈંગ્લિશ ન આવડતું હોય તો પણ ઈમિગ્રેશન પ્રોસેસ સરળ થઈ જશે.

G-20 સમિટનો એક મહત્ત્વપૂર્ણ ભાગ એવા કેનેડાએ ગુજરાતીઓને ફાયદો થાય એવો મોટો પ્રોજેક્ટ શરૂ કર્યો છે. ભારતની અધ્યક્ષતામાં G20 સમિટ યોજાઈ હતી જેમાં કેનેડાએ એવી યોજના જાહેર કરી હતી જેનાથી સ્ટાર્ટ અપ હોય કે પછી ઈનોવેશન ક્ષેત્ર, ગુજરાતી આંત્રપ્રિન્યોર્સને ડાયરેક્ટ વિઝા પણ આપી શકાય છે. કેનેડાએ આના માટે ખાસ યોજના બનાવી છે. ઓન્ટારિયો સ્ટેટ દ્વારા બિઝનેસ અને અન્ય ક્ષેત્રે સાહસ કરવા ઈચ્છુક લોકોને એક પ્રોસેસમાંથી પસાર થયા પછી વિઝા ઓફર કરવાની યોજના બનાવી છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતીઓ વેપારમાં અગ્રેસર હોય છે પરંતુ અત્યાર સુધી તેમને ડાયરેક્ટ વિઝા આપે એવી કોઈ ખાસ યોજના નહોતી.

### કેનેડામાં બિઝનેસ કરવો વધુ સરળ થયો!

ઉલ્લેખનીય છે કે કેનેડામાં અત્યારસુધી હજારોની સંખ્યામાં ગુજરાતી સ્ટુડન્ટ્સ ત્યાં એજ્યુકેશન વિઝા પર ગયા અને સેટલ થઈ ગયા છે. તેવામાં સ્ટુડન્ટ્સ માટે કેનેડાએ સારી યોજનાઓ પણ બહાર પાડી હતી. પરંતુ અત્યાર સુધી આંત્રપ્રિન્યોર, બિઝનેસમેન માટે કોઈ ખાસ ડાયરેક્ટ સ્કિમ યોજના નહોતી. તેવામાં G20 સમિટમાં કેનેડાએ ડાયરેક્ટ વિઝા ફોર આંત્રપ્રિન્યોર્સની જાહેરાત કરતા હવે પ્રોસેસ સરળ થઈ જશે. કેનેડામાં વિવિધ ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન મળશે એટલું જ નહીં આ હેઠળ ઓન્ટારિયોમાં આ યોજના હેઠળ સીધી એન્ટ્રી થઈ શકે છે.

અમેરિકા, કેનેડા હોય કે UK દુનિયાના મોટાભાગના દેશોમાં ગુજરાતીઓનો ડંકો વાગે છે. ગુજરાતીઓ નોકરી કરતા વધારે વિદેશમાં પોતાનો બિઝનેસ સ્થાપિત કરવા માટે જ ઉત્સુક હોય છે. ઘણા દેશોમાં ગુજરાતી બિઝનેસમેન અમીરોની યાદીમાં સામેલ પણ છે. અમેરિકા અને કેનેડા જેવા દેશોમાં ગુજરાત અને ભારતના સ્ટાર્ટઅપ્સ તથા આંત્રપ્રિન્યોર્સ અનેક ક્ષેત્રમાં અગ્રેસર છે. હવે કેનેડામાં મેડિકલ ટેક્નોલોજી, હેલ્થકેર, એગ્રી એન્ડ ફૂડ મેન્યુફેક્ચરિંગ, એરોસ્પેસ સહિતના ફિલ્ડમાં ૧૦૦ લોકોને કેનેડા ડાયરેક્ટ વિઝા આપી શકે છે. આ આંત્રપ્રિન્યોર્સ માટે મોટી ઉપલબ્ધિ સમાન બની શકે છે.

### કેટલું રોકાણ કે નેટવર્થ હોય તો અપ્લાય કરી શકાય?

કેનેડાની સરકાર દ્વારા આંત્રપ્રિન્યોર સ્ટ્રીમ ઓફ ઓન્ટારિયો ઈમિગ્રેશન નોમિની પ્રોગ્રામ ટોરેન્ટો બિઝનેસ ડેવલપમેન્ટ સેન્ટર હેઠળ ચલાવાઈ રહ્યો છે. ગત ઓક્ટોબરમાં જ આ લોન્ચ કરાયો હતો જેમાં ગુજરાત સહિત અનેક ક્ષેત્રથી લોકો લાભ ઉઠાવી શકે છે. હવે આ પ્રોગ્રામ દ્વારા લોકોને ડાયરેક્ટ વિઝા મળી જતા હોય છે. પરંતુ આને અપ્લાય કરવા માટે કેટલાક માપદંડો પણ છે. જેમકે કોઈપણ વ્યક્તિએ આ પ્રોગ્રામ હેઠળ ડાયરેક્ટ વિઝા મેળવવા હોય તો તેમની નેટવર્થ ચાર લાખ કેનેડિયન ડોલર જેટલી હોવી જોઈએ. એટલું જ નહીં બે લાખ ડોલરથી વધુનુ રોકાણ ત્યાં કરવા સક્ષમ હોય તો જ લાભ મળી શકે છે.

પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે આ પ્રોગ્રામ મુખ્યત્વે આત્રપ્રિન્યોરને આકર્ષવા માટે બનાવાયો છે જેથી બિઝનેસ ક્ષેત્રે અહીં ક્રાંતિ વધારે આવે. ઉપરોક્ત તમામ માપદંડો પાસ કરાઈ જતા હોય તો એવા અરજકર્તાઓને કોઈપણ પ્રકારની ભાષાની ટેસ્ટ આપવી પડતી નથી. ઈંગ્લિશ કાચુ હોય તો પણ તેમને અહીં આ ડાયરેક્ટ વિઝા પ્રોગ્રામ હેઠળ એન્ટ્રી મળી જાય છે. ઉલ્લેખનીય છે કે ત્રણ દશકાઓથી કેનેડા બિઝનેસ ક્ષેત્રે લોકોને મદદ પૂરી પાડી રહ્યું છે. આ સમયગાળા દરમિયાન ૯ હજાર સ્વદેશી અને વિદેશી આંત્રપ્રિન્યોર્સને કેનેડાની સરકારે સ્ટાર્ટઅપમાં મદદ કરી છે. ડાયરેક્ટ વિઝા પણ આપ્યા છે તથા ઓન્ટારિયોમાં સ્થાયી થવા પણ મદદ કરી છે. હવે આ યોજના ગુજરાત સહિત ભારતના અનેક રાજ્યોમાં વધુ પ્રસારિત થશે એનો સીધો ફાયદો વિદેશમાં જઈ વેપાર કરવા ઈચ્છુક લોકોને થઈ શકે છે. (Source : www.iamgujarat.com)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



NRGF
Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)



# જામનગર-અમૃતસર ઇકોનોમિક કોરિડોર (ગ્રીનફિલ્ડ હાઇવે)

ઇન્ફ્રાસ્ટ્રક્ચર કાર્યોના વિકાસમાં વેગ આવે તે હેતુથી સરકારે રૂ. ૧૦૭ લાખ કરોડનું કદ ધરાવતો પીએમ ગતિશક્તિ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. પ્રોજેક્ટમાં ૮૧ જેટલા જેટલા મહત્વના પ્રોજેક્ટ સમાવવામાં આવ્યા છે. એમાં ગુજરાતનો સમાવેશ પણ થયો છે. ગુજરાતને પ્રોજેક્ટ હેઠળ એક્સપ્રેસ હાઇવે મળ્યો છે. ૧૨૫૭ કિલોમીટરની લંબાઇ ધરાવતો અમૃતસરથી જામનગર સુધીનો એક્સપ્રેસ હાઇવે ખૂબ જ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ માનવામાં આવે છે. જામનગર, મોરબી, કચ્છ જિલ્લો ઉદ્યોગોનું હબ ગણાય છે ત્યાંથી માલ પરિવહન સરળતાથી થઇ શકશે. રાજકોટને પણ વાયા મોરબીથી ઘણો લાભ મળશે.

જામનગર-અમૃતસર એક્સપ્રેસ હાઈવેને લીધે ભટીંડા, બાડમેર અને જામનગરની એમ કુલ ત્રણ ઓઇલ રિફાઇનરીઓ એકબીજા સાથે જોડાશે. એ ઉપરાંત ભટીંડાનો થર્મલ પ્લાન્ટ તથા ગંગાનગરનો થર્મલ પ્લાન્ટ પણ આ જ રસ્તે આવશે. અમૃતસર-જામનગર એક્સપ્રેસ વે લુધિયાણા-ભટીંડા-અજમેર એક્સપ્રેસ વેને મળશે. આમ આખો રસ્તો આર્થિક કોરિડોર બની રહેવાનો છે. આ હાઇવે ગુજરાત, રાજસ્થાન, હરિયાણા અને પંજાબ એ ચાર રાજ્યોના ૧૭ જિલ્લાને જોડે છે.

આ એક્સપ્રેસ વેનું ૯૫ ટકા કામ પૂરું થઈ ગયું છે અને ઓક્ટોબર-નવેમ્બરમાં ઉદ્ઘાટન પછી શરૂ થઈ જશે. બંને શહેર વચ્ચે ૨૦૦ કિલોમીટરનું અંતર ઓછું થઈ જશે અને ૨૮ કલાકને બદલે ૧૩ કલાકમાં જ સફર પૂરી થઈ શકશે. દેશનો આ બીજો સૌથી લાંબો એક્સપ્રેસ-વે છે, જેના ૩૮૦ કિલોમીટર ગુજરાતમાંથી પસાર થાય છે. ગતિશક્તિ હેઠળ દિલ્હી-મુંબઇ એક્સપ્રેસ હાઇવે કે ૧૩૫૦ કિલોમીટરનો દેશનો સૌથી લાંબો એક્સપ્રેસ-વે છે જે પણ ગુજરાતમાંથી પસાર થાય છે. અમૃતસર-જામનગર ઇકોનોમિક કોરિડોર (EC-3) તરીકે પણ ઓળખાય છે.

આ હાઇવે મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે અને મોટા શહેરો અને ઔદ્યોગિક કોરિડોર વચ્ચે પરિવહન જોડાણમાં સુધારો કરશે. એક્સપ્રેસ-વે માત્ર માલસામાનના સીમલેસ ટ્રાન્સપોર્ટેશનની સુવિધા નહીં આપે, પરંતુ પ્રવાસન અને આર્થિક વિકાસને પણ વેગ આપશે.

(Sources : https://gujarati.news18.com, www.magicbricks.com, https://www.revoi.in)

# ઉદ્યોગોને અનુરૂપ માનવબળ તૈયાર કરવા માટે રાજ્યમાં 5 મેગા આઇટીઆઇ સ્થપાશે

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના કૌશલ્યવાન યુવાનોને રોજગારીની વધુને વધુ તકો ઉપલબ્ધ થાય તેવા હેતુથી અનેકવિધ રોજગારલક્ષી આયામો શરૂ થયા છે, જેને વધુ પ્રાધાન્ય આપવાની નેમ સાથે કૌશલ્યની જરૂરિયાતને આધારે અમદાવાદની કુબેરનગર સહિત વડોદરા, રાજકોટ, સુરત અને દાહોદ ખાતે એમ ઝોન મુજબ પાંચ મેગા આઈટીઆઈ નિર્માણ કરવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, ગાંધીનગર ખાતે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે ગુજરાત ઔદ્યોગિક ક્ષેત્રે દેશનું અગ્રેસર રાજ્ય છે ત્યારે ગુજરાતના ઉદ્યોગ ગૃહોની જરૂરિયાત અને તેમની માંગને ધ્યાને રાખીને રાજ્યની આઈટીઆઈમાં યુવાઓને સમયની માંગ મુજબ કૌશલ્ય વર્ધન તેમજ પ્રશિક્ષિત કરાશે, જેથી રાજ્યના યુવાનોને વિવિધ ઉદ્યોગ એકમોમાં વધુને વધુ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.

આ પાંચ મેગા આઈટીઆઈ અન્ય આઇટીઆઇ કરતા અલગ એ રીતે હશે કે તેમાં ઉદ્યોગો જ તેમને જોઇએ તેવું માનવબળ તૈયાર કરશે અને ટ્રેનર્સ પણ ઉદ્યોગો જ રાખશે. આ મુદ્દે જણાવતા શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માએ કહ્યું હતું કે, આ પાંચ મેગા આઇટીઆઇ પૈકી દરેકમાં એક હજાર બેઠક રહેશે અને ચાલુ નાણાકીય વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્યાંક છે. અમદાવાદના કુબેરનગરમાં મેગા આઇટીઆઇ તૈયાર થઇ રહી છે અને તેમાં ઓગસ્ટ-૨૦૨૩ સુધીમાં અદ્યતન અભ્યાસક્રમો શરૂ કરવાની તૈયારીઓ હાથ ધરાઈ છે. મેગા આઇટીઆઇમાં ઉદ્યોગો જ તેમને જે પ્રકારનું માનવબળ છે તેવા અભ્યાસક્રમ તૈયાર કરશે અને તેની મંજૂરી એનસીવીટી (નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ) અથવા કૌશલ્ય યુનિવર્સિટી અથવા સેક્ટર કાઉન્સિલ આપશે એટલે કે, આ અભ્યાસક્રમનું સર્ટીફિકેશન સરકાર કરશે, પણ ટ્રેનિંગ સહિતનો ખર્ચ ઉદ્યોગ ઉપાડશે. આ તમામ પ્રક્રિયા માટે વિવિધ કાઉન્સિલ કે કૌશલ્ય યુનિવર્સિટી સાથે એમઓયુ પણ થઇ રહ્યા છે.

રાજ્ય સરકારના પ્રવક્તાએ જણાવ્યુ હતું કે મુખ્યમંત્રી ભવિષ્યલક્ષી વિકાસ યોજના અંતર્ગત ૧૯ હજારથી વધુ વિદ્યાર્થી અભ્યાસક્રમોમાં સંકળાયેલા છે. વર્તમાન સમયમાં બ્લોકચેઇન ટેકનોલોજી, ઓગમેન્ટેડ રિયાલીટી (AR) અને વર્ચ્યુઅલ રિયાલીટી, ડેટા સાયન્સ અને બિગ ડેટા, ગ્રીન એનર્જી તેમજ રોબોટિક પ્રોસેસ ઓટોમેશન ક્ષેત્રમાં કૌશલ્યની માગ વધી રહી છે તે મુજબ નવા યુગ પ્રમાણેના અભ્યાસક્રમો અંતર્ગત તાલીમ જરૂરી બની છે. મુખ્યમંત્રી એપ્રેન્ટીસ યોજના અંતર્ગત ચાર વર્ષમાં એક લાખથી વધુ યુવાનોને તાલિમબદ્ધ કરાયા છે. વર્લ્ડ ઇકોનોમિક ફોરમના રિપોર્ટ મુજબ પાંચ વર્ષમાં સ્કિલ ક્ષેત્રનું ચિત્ર બદલાશે. એઆઇ, બિઝનેસ ઇન્ટેલિજન્સ સિક્યોરિટી એનાલિસ્ટ સહિતના ક્ષેત્રમાં નોકરીની તકો વધશે.

મેગા આઇટીઆઇમાં વિદ્યાર્થીઓ માટે અભ્યાસક્રમ તો છે, પણ જે લોકો ઉદ્યોગોમાં નોકરી કરે છે તેમને પણ તાલીમ અપાશે. ઉપરાંત અસંગઠિત ક્ષેત્રમાં નોકરી કરતા લોકોને તેમના સ્કિલનું અપગ્રેડેશન માટે પણ તાલીમ અપાશે. ઉપરાંત વર્ક ફોર્સને અપગ્રેડ કરવા માટે પણ મેગા આઇટીઆઇનો ઉપયોગ થશે.

(Sources : https://gujaratinformation.gujarat.gov.in, www.sandesh.com, www.divyabhaskar.co.in)



# બહુચરાજી માતા મંદિરનું શિખર ભવ્ય બનશે

બહુચરાજી ગુજરાતના મહેસાણા જિલ્લાના બેચરાજી તાલુકામાં આવેલું પ્રસિદ્ધ તીર્થસ્થાન અને શક્તિપીઠ છે. બહુચરાજી ગુજરાતના ચુંવાળ પ્રદેશનું મુખ્ય કેન્દ્ર ગણાય છે, જે કડી-ચાણસ્મા રેલમાર્ગ પર આવેલું રેલમથક પણ છે.

આજના યાત્રાધામ બહુચરાજીથી એક કિમી. દૂર બેચર નામે ગામ છે, તેના નામ પરથી આ તીર્થસ્થળનું તથા દેવીનું નામ બહુચરાજી પડ્યું હોવાનું કહેવાય છે. આશરે ૩.૬ મીટર લંબાઈ અને ૩.૩ મીટર પહોળાઈ ધરાવતું એક મંદિર અહીં વરખડીના ઝાડ નીચે ચોતરા પર એક ગોખ રૂપે હતું. વળી આશરે ૬ મીટર લાંબું અને ૫ મીટર પહોળું માતાજીનું આદ્યસ્થાનક અહીંથી બે-ત્રણ કિમી. અંતરે શંખલપુરમાં શંખલરાજે ઈ. સ. ૧૧૫૨ (વિ.સં. ૧૨૦૮)માં બંધાવેલું. નિજ મંદિરના ગોખમાં સોનાના પતરાથી મઢેલા 'શ્રી બાલાયંત્ર'ની પૂજા થાય છે. યંત્ર નિરાકાર હોઈ મૂર્તિપૂજકો અને મૂર્તિમાં નહિ માનનાર બંને પ્રકારના લોકો માટે પૂજનીય ગણાય છે. બાલાયંત્રની બંને બાજુ અખંડ દીપજ્યોત પ્રગટેલી રહે છે.

દેવાલયની સામે પૂર્વ દિશામાં પવિત્ર યજ્ઞમંડપ (અગ્નિકુંડ) આવેલો છે. એક બાજુ બે માળની અષ્ટકોણીય ભવ્ય દીપમાળ છે, જ્યારે ચાચરમાં આદ્યશક્તિ વરખડી મંદિર, મધ્યસ્થાને ગણપતિજી, નારસિંગજી, હનુમાનજી, મહાદેવજી તથા વલ્લભ ભટ્ટના ધામમાં શ્રીજીની પાદુકા બિરાજે છે. પશ્ચિમ તરફના દરવાજા આગળ પ્રાચીન બાંધણીનો માનસરોવર કુંડ આવેલો છે. શંખલપુર ખાતેનું મા બહુચરનું આદ્યસ્થાન 'ટોડા માતાજી' નામથી લોકજીભે વસેલું છે.

પાટણ જિલ્લાના ચુંવાળ પંથકના હૃદય સમાન બહુચરાજી ખાતે સ્થપાયેલી આદ્યશક્તિ બહુચરબાળાની આ શક્તિપીઠ ભારતવર્ષની બાવન અને ગુજરાતની ત્રણ શક્તિપીઠો પૈકીની એક છે.

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશભાઈતે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા શ્રદ્ધાળુઓની લાગણી ધ્યાને રાખીને શ્રી બહુચર માતાજીના ભવ્ય નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે. રાજ્યના ધર્મપ્રેમી ભક્તોને દર્શન માટેની સગવડો ધ્યાને લઈ સોમનાથ, દ્વારકા, પાવાગઢના મંદિરના વિકાસની જેમ જ બહુચરાજી મંદિરનું નિર્માણ કરાશે.

મંત્રીશ્રી પટેલે વધુમાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સીધા માર્ગદર્શન અને ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના દિશાનિર્દેશ હેઠળ રાજ્ય સરકારના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા માઈભક્તોની આસ્થાને ધ્યાને રાખીને બંસીપહાડપુર પથ્થરમાંથી આ મંદિરનું નિર્માણ કરવામાં આવશે. મંદિરના હયાત જમીનના ડેટાની માહિતી મેળવવા તથા ડિઝાઇન તૈયાર કરાવવા માટે કન્સલ્ટન્ટ દ્વારા જરૂરી જમીનની વજન સહન કરવાની ક્ષમતા(SBC) અંગેના ટેસ્ટીંગ રીપોર્ટના આધારે પાયામાંથી શિખર સુધી ૮૬ ફૂટની ઊંચાઈ રાખવાનો નિર્ણય લેવાયો છે. મંદિર પરિસરના સર્વગ્રાહી વિકાસની કામગીરી હાથ ધરવા માટે રાજ્ય સરકાર દ્વારા ૭૦ કરોડથી વધુનો ખર્ચ કરવાનું આયોજન છે.

આ મંદિર હયાત સ્થળની પરિસ્થિતીને ધ્યાને રાખી વરખડીવાળા સ્થાનને યથાયોગ્ય રાખી તથા વલ્લભભટ્ટનાં મંદિરમાં કોઈ પણ જાતનો ફેરફાર કર્યા સિવાય બંસીપહાડપુર સ્ટોનથી મંદિર નિર્માણ પામશે.

ઉલ્લેખનીય છે કે, હાલનું બહુચરાજી મંદિર ૧૮મી સદીના અંતમાં માનાજીરાવ ગાયકવાડના શાસન દરમિયાન બાંધવામાં આવ્યું હતું અને રેતીના પથ્થરનો ઉપયોગ કરીને તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

(Source : https://gujaratinformation.gujarat.gov.in, https://gujarativishwakosh.org)



# ગીરની કેસર કેરી બાદ વલસાડી આફૂસને જીઆઇ ટેગ મળશે

દક્ષિણ ગુજરાતનું વલસાડ તેની પ્રખ્યાત અલફાન્સો કેરી, જેને વલસાડી હાફૂસ પણ કહેવાય છે, તે માટે જાણીતું છે. આ કેરીને જીઓગ્રાફિકલ ઈન્ડીકેશન એટલે કે, ભૌગોલિક સંકેત લેબલ મેળવવાની આરે છે, જે કેરીના ચાહકો અને ખેડૂતો માટે સારા સમાચાર છે.

વિશ્વભરમાં પ્રખ્યાત બનેલી વલસાડી આફૂસ કેરીનું છેલ્લાં પાંચ વર્ષમાં ઉત્પાદન વધ્યું છે. વલસાડથી દેશ-વિદેશમાં કેરીનું એક્સપોર્ટ થાય છે. આફૂસ કેરીની વૈશ્વિક સ્તરે ઓળખ ઊભી થઇ છે પરંતુ મહારાષ્ટ્રની રત્નાગીરી આફૂસ અને તલાલાની કેસર કેરીને જીઆઇ ટેગ મળી ચૂક્યો છે, વલસાડી આફૂસના જીઆઇ ટેગ માટે પ્રક્રિયા ચાલી રહી છે. હજુ સુધી જીઆઇ ટેગ (પેટન્ટ) મળી શક્યો નથી પરંતુ આગામી ત્રણથી ચાર માસમાં આ પ્રક્રિયા પૂર્ણ થતાં આફૂસ કેરીને પણ જીઆઇ ટેગ મળશે એવું કૃષિ વિજ્ઞાની કહી રહ્યા છે.

ખાસ કરીને વલસાડ જિલ્લાને અડીને આવેલા મહારાષ્ટ્રની રત્નાગીરી આફૂસને જીઆઇ ટેગ મળ્યો છે. બંને વિસ્તારો અડીને આવેલા હોવાથી એક સરખી ભૌગિલિક સ્થિતિ છે, જેથી રત્નાગીરી આફૂસની જેમ વલસાડી આફૂસને જીઆઇ ટેગ માટે જરૂરી તમામ માપદંડો અને ભૌગોલિક સ્થિતિનો હાલ અભ્યાસ થઇ રહ્યો છે.

જીઆઇ ટેગ એટલે શું ?

જીઆઇ ટેગ એટલે જિયોગ્રાફિકલ આઇડેન્ટિફિકેશન ટેગ. આ ટેગ એવી ચીજવસ્તુઓને મળે છે જે અમુક ચોક્કસ વિસ્તાર કે ભૌગોલિક ક્ષેત્રમાં ઉત્પાદિત થતી હોય અને જે-તે વિસ્તારની ઓળખ હોય અને તે વિસ્તાર માટે યુનિક હોય. ભારતમાં ૩૫૦ વસ્તુઓ હાલમાં જીઆઇ ટેગ ધરાવે છે. ગુજરાતની ખાસિયત ગણાતી વલસાડની આફૂસ અને અમલસાડના ચીકુને જીઆઇ ટેગની પ્રક્રિયા ચાલી રહી છે. આ ટેગ મળવાથી બંને પાકોને આંતરરાષ્ટ્રીય બજારમાં એક્સપોર્ટ માટેનું બજાર ખૂલશે અને ખ્યાતિ મળશે.

જૂનાગઢ જિલ્લામાં ગિરનાર પર્વતોની તળેટીમાં ઉગાડવામાં આવતી પ્રખ્યાત કેસર કેરી બાદ હાફૂસ જીઆઈ ટેગ પ્રાપ્ત કરનાર ગુજરાતની બીજી કેરીની જાત બનાવશે. રાષ્ટ્રીય સ્તરે, વલસાડી હાફૂસ 'ગીર કેસર' અને 'દશેરી' કેરીની શ્રેણીમાં જોડાઈને GI નોંધણી મેળવનારી ભારતની ત્રીજી કેરીની જાત હશે.

ગુજરાતમાં કેરીના ઉત્પાદનના આંકડા જોઈએ તો કુલ વાર્ષિક ઉત્પાદન લગભગ ૧૦ લાખ મેટ્રિક ટન જેટલું થાય છે જેમાં દક્ષિણ ગુજરાતના સાત જિલ્લાનું યોગદાન લગભગ ૫૭ ટકા જેટલું છે. સૌરાષ્ટ્ર-કચ્છ મળીને ૩૦ ટકા ઉત્પાદન આપે છે જ્યારે મધ્ય ગુજરાતનો હિસ્સો ૯.૫ ટકા અને ઉત્તર ગુજરાતનો ૨ ટકા જેટલો છે.

વલસાડ જિલ્લાની આસપાસના લીલાછમ કેરીના બગીચા તેમની સ્વાદિષ્ટ આલ્ફોન્સો કેરીઓ માટે જાણીતા છે, જે મનમોહક સુગંધ અને અજોડ સ્વાદ ધરાવે છે. ચેન્નાઈ સ્થિત કેન્દ્ર સરકારની ભૌગોલિક સંકેત રજિસ્ટ્રી, વલસાડી હાફૂસને જીઆઈ ટેગ આપશે, જેનાથી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં આ કેરીને એક અલગ ઓળખ મળશે. વલસાડ આફૂસ કેરીને જીઆઇ ટેગ માટેની પ્રક્રિયા ચાલી રહી છે જે આગામી બે-ત્રણ મહિનામાં પૂર્ણ થનાર છે.

(Source : www.divyabhaskar.co.in)

NRG TIMES
A FORTNIGHTLY NEWSLETTER FROM NRGS' FOUNDATION
CONNECTING GUJARATIS' DIASPORA GLOBALLY



NRGF Gujarat State Non-Resident Gujaratis' Foundation
(A Government of Gujarat Organization)




## 'માઇગ્રન્ટ પાક હિંદુ- ડોક્ટર્સ રજીસ્ટ્રેશન આભાર સમારોહ'માં મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિ

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે અમદાવાદમાં પાકિસ્તાનથી આવેલા હિંદુ ડૉકટરોનો રજીસ્ટ્રેશન આભાર સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમ પાકિસ્તાનમાં પ્રતાડનાઓ ભોગવી ભારત આવેલા હિંદુ ડૉક્ટર્સ દ્વારા તેમને ભારતીય નાગરિકતા અને મેડિકલ પ્રેક્ટિસ માટે રજીસ્ટ્રેશન મળવાના અવસરના અનુસંધાને યોજવામાં આવ્યો હતો. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની હાજરીમાં માઇગ્રન્ટ પાક. હિંદુ ડૉક્ટર્સ ફોરમ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ દરમિયાન કાર્યક્રમમાં હાજર પાક. હિંદુ માઇગ્રન્ટ ડૉક્ટરોએ પાકિસ્તાનમાં તેમના પર થયેલા અત્યાચારો વિશે ખુલીને વાત કરી હતી. તો બીજી તરફ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે પણ તબીબોને અભિનંદન પાઠવ્યા હતા.

મળતી માહિતી અનુસાર પાકિસ્તાનથી વિસ્થાપિત થયેલા કુલ ૧૩૨ હિંદુ તબીબોએ મેડીકલ કાઉન્સિલની પરીક્ષા ઉત્તીર્ણ કરી છે અને રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ભારતીય નિયમો અનુસાર આ પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ હવે આ ડૉકટરો પોતાની રીતે ભારતમાં સ્વતંત્ર પ્રેક્ટિસ કરી શકશે. આ પહેલા તેઓને મેડીકલની દુકાનોમાં કે અન્ય જગ્યાઓ પર નોકરી કરવી પડતી હતી. પાસ થયેલા ૫૨ તબીબો ગુજરાતમાંથી છે અને તેમનું ગુજરાત મેડિકલ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું છે. આ પૈકીના કુલ ૩૨ તબીબો ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રમાં પોતાની સેવાઓ આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ટાગોર હોલમાં આયોજીત આ સમારોહમાં સૌને શુભેચ્છા પાઠવતા કહ્યું કે, આજનો દિવસ ગુરૂજનોને સમર્પિત હોય છે. ગુરુ એટલે એવી વ્યક્તિ જેમણે અંધકારમાંથી ઉજાસ તરફની યાત્રા કરાવી હોય છે. આજે અહીં ઉપસ્થિત ડોક્ટર્સ તો એવા તબીબો છે જેમણે ખુદ પણ અંધકારથી ઉજાસ તરફની સફળ યાત્રા કરી છે અને હવે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતમાં કાયમી વસવાટ અને આરોગ્ય સેવા કરવા માટે તૈયાર થયા છે.

(Sources : https://gujaratinformation.gujarat.gov.in, https://gujarati.opindia.com)

## ગુજરાતી મૂળનાં નીરજા સેઠી અમેરિકામાં સેલ્ફ મેડ મહિલા અમીરોમાં ૨૫મા ક્રમે



અમેરિકાની ૧૦૦ સેલ્ફ-મેડ અમીર મહિલાઓની યાદીમાં ચાર ભારતીય મહિલાઓએ સ્થાન મેળવ્યું છે. ફોર્બ્સ દ્વારા જાહેર કરવામાં આવેલી યાદીમાં એરિસ્તા નેટવર્ક કંપનીનાં જયશ્રી ઉલાલ, ઓસ્કિલર કંપનીનાં નેહા નરખેડે, એમેઝોનનાં ડિરેક્ટર ઇન્દ્રા નૂયી અને સિન્ટેલ કંપનીનાં નીરજા સેઠીનો સમાવેશ થયો છે.

ઉલ્લેખનીય બાબત એ છે કે આ યાદીમાં ૨૫મા ક્રમે આઈટી કંપની ચલાવતાં નીરજા શેઠી ગુજરાતનાં પુત્રવધૂ છે. તેમના પતિ ભરત દેસાઈ મૂળ ગુજરાતી છે અને તેઓ પણ બિલિયોનર છે. આ દંપતી અમેરિકામાં ટીસીએસમાં નોકરી દરમિયાન મળ્યા અને ૧૯૮૦માં તેમણે એ વખતના માત્ર ૧૫ હજાર રૂપિયાના રોકાણથી સિન્ટેલ કંપની શરૂ કરી હતી. બાદમાં તેમણે લગ્ન કર્યાં હતાં.

ભારતમાં જન્મેલાં ૬૮ વર્ષીય નીરજા સેઠીની નેટવર્થ ૮૦૦૦ કરોડ રૂપિયા છે. તેમણે દિલ્હી યુનિવર્સિટીમાંથી ગણિતમાં ગ્રેજ્યુએશન કર્યું છે અને કમ્પ્યુટર સાયન્સમાં માસ્ટર ડિગ્રી ધરાવે છે. હાલમાં ફ્લોરિડામાં રહેતા ભરત દેસાઈનો જન્મ કેન્યામાં થયો છે અને તેમનો ઉછેર અમદાવાદમાં થયેલો છે. ૭૦ વર્ષીય ભરત દેસાઈએ આઈઆઈટી-મુંબઈમાંથી ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ કરેલું છે. અમેરિકન મીડિયામાં તેઓ 'બિલિયોનેર યોગી' તરીકે પ્રખ્યાત છે. (સંદર્ભ : દિવ્ય ભાસ્કર, તા. ૧૧.૭.૨૦૨૩)

## કેનેડિયન હિંદુ ચેમ્બર ઑફ કોમર્સ દ્વારા કેનેડામાં હિન્દુ સ્કૂલ શરૂ કરાશે




'ઇન્વેસ્ટ ઈન્ડિયા ઇન્વેસ્ટ કેનેડા' ઇવેન્ટ તાજેતરમાં કેનેડાના મિસિસાગામાં યોજાઈ ગઈ હતી, જેમાં કેનેડિયન હિંદુ ચેમ્બર ઑફ કોમર્સે (CHCC) ભારત અને કેનેડાના વેપારને વધુ મજબૂત કરવાનો સંકલ્પ કર્યો હતો. આ ઇવેન્ટમાં બન્ને દેશોના ૧૨૫થી વધુ બિઝનેસમેને ભાગ લીધો હતો. પ્રમુખ નરેશ ચાવડા અને કોન્સ્યુલેટ જનરલ ઑફ ઈન્ડિયા (CGI) અપૂર્વા શ્રીવાસ્તવે ભારત અને કેનેડાના માઇનિંગ અને એગ્રિકલ્ચર સેક્ટરને વધુ ડેવેલોપ કરવાની વાત કરી હતી. કેનેડિયન હિંદુ ચેમ્બર ઑફ કોમર્સના મેમ્બર અજય શાહે આ પ્રસંગે કહ્યું હતું કે તેઓ કેનેડામાં હિંદુ સ્કૂલ ચાલુ કરશે જેમાં વૈદિક સનાતન મૂલ્યોનો સમાવેશ પણ કરવામાં આવશે. ગુજરાતી મૂળના ધર્મેશ પટેલે આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

(Source : www.divyabhaskar.co.in)